# PRESTOઉપયોગ (પ્રેસ્ટોનો) કરવાની રીત

## 1. એક કાર્ડ ખરીદો

PRESTO કાર્ડ વેબસાઇટ prestocard.ca પર ઓનલાઇન અથવા નીચેના બ્રેમ્પ્ટન ટ્રાન્ઝિટ ટર્મિનલો કે ફેસિલિટી પરથી ખરીદોઃ

- બ્રેમલી ટર્મિનલ – 160 સેન્ટ્રલ પાર્ક ડ્રાઇવ
- ડાઉનટાઉન ટર્મિનલ – 8 નેલ્સન સ્ટ્રીટ
- બ્રેમ્પ્ટન ગેટવે ટર્મિનલ – 501 મેઇન સ્ટ્રીટ સાઉથ
- ટ્રિનિટી કોમન ટર્મિનલ –164 ગ્રેટ લેક્સ બુલેવાર્ડ
- ક્લાર્ક ફેસિલિટી – 185 ક્લાર્ક બુલેવાર્ડ

કાર્ડ ખરીદો ત્યારે $6 ની રિફંડ નહિ કરાતી વીમા ફી ચૂકવવાની રહે છે.

## 2. તમારું કાર્ડ લૉડ કરો

PRESTO વડે, તમે તમારા કાર્ડ પર જુદા જુદા ઉત્પાદો લૉડ કરવાનું લચીલાપણું ધરાવો છો. બે પ્રકારના PRESTO લૉડ્સ ઉપલબ્ધ છેઃ

- **ઇ-પર્સ મૂલ્ય ઉમેરોઃ** તમારા PRESTO કાર્ડમાં લઘુત્તમ $10 નું મૂલ્ય ઉમેરો. તમે મહત્તમ $1,000 ની સિલક ધરાવી શકો છો. જ્યારે તમે સવારી કરો ત્યારે, તમારા કાર્ડમાં સંઘરેલી સિલકમાંથી તમારા પ્રવાસ માટેનું ભાડું કાપી લેવામાં આવે છે.
- **માસિક/અઠવાડિક પાસ ઉમેરોઃ** માસિક કે અઠવાડિક પાસ વડે, તમે પાસ સક્રિય હોય તે વખતે અસીમિત સંખ્યામાં પ્રવાસ કરી શકો છો.

## 3. તમારું કાર્ડ નોંધાવો

જો તમે તમારું કાર્ડ નોંધાવવા ઇચ્છો, તો બ્રેમ્પ્ટન ટ્રાન્ઝિટ ટર્મિનલ કે ફેસિલિટીમાંથી તેની ખરીદી કર્યા પછી 24 કલાક સુધી રાહ જુઓ.

- તમારું કાર્ડ વેબસાઇટ prestocard.ca પર ઓનલાઇન નોંધાવો
- તમારું PRESTO કાર્ડ ઓનલાઇન નોંધાવ્યાના 24 કલાક પછી, તમારે નોંધણી પૂરી કરવા 30 દિવસમાં **કોઇપણ** PRESTO સાધન* પર હળવેથી ટેપ અચૂક કરવું (ઠોકવું). 30 દિવસ પછી, તમારી નોંધણી સમાપ્ત થઇ જશે. જો તમારી નોંધણી સમાપ્ત થાય, તો તમારા કાર્ડને પુનઃ સક્રિય કરવા 1-8-PRESTO-123 (1-877-378-6123) નંબર પર ફોન કરો.

* **PRESTO** સાધનોમાં સમાવેશ થાય છેઃ

- બ્રેમ્પ્ટન ટ્રાન્ઝિટ ટર્મિનલો અને ફેસિલિટીમાં બેલેન્સ ચેકર્સ (સિલક તપાસનાર) અથવા બ્રેમ્પ્ટન ટ્રાન્ઝિટ બસોમાં ભાડુ ચૂકવણી સાધનોનો.
- તમારી નોંધણી સક્રિય કરવા માત્ર ભાડુ ચૂકવણી સાધનનો ઉપયોગ કરો જો તે તમારા પ્રવાસનો ભાગ હોય, કારણ કે તમારું કાર્ડ ટેપ કરવાથી (ઠોકવાથી) ભાડુ કાપી લેવાશે. વૈકલ્પિક રીતે, તમે તમારી નોંધણી સક્રિય કરવા બેલેન્સ ચેકર વાપરી શકો છો જો તમે તે સમયે પ્રવાસ ન કરી રહ્યા હો.

**નોંધઃ** જો તમે પુખ્ત ઉંમરની વ્યક્તિ હો અને તમારા **PRESTO** કાર્ડની નોંધણી ન કરાવવા ઇચ્છો, તો તે કોઇ પુખ્ત વ્યક્તિના ડિફોલ્ટ અનામી કાર્ડ તરીકે રહેશે (તમારા કાર્ડની નોંધણી કરવાના લાભો જુઓ).

## 4. છૂટવાળુ ભાડુ સ્થિર કરવું

**વિદ્યાર્થીઓ અને વડીલો**

તમે તમારા **PRESTO** કાર્ડની નોંધણી કરાવો તેવી ભલામણ કરાતી હોવા છતાં, વિદ્યાર્થીઓ કે વડીલો માટે છૂટવાળુ ભાડુ ધરાવતા ન નોંધાયેલા કાર્ડની ગોઠવણી કરી શકાય છે. કાર્ડ બ્રેમ્પ્ટન ટ્રાન્ઝિટ ટર્મિનલ કે ફેસિલિટીમાંથી ખરીદતી વખતે છૂટવાળા ભાડાની ગોઠવણી રૂબરૂમાં કરી શકાય છે.

વધારાના ઉતારુઓની ચૂકવણી કરવા તમારા **PRESTO** કાર્ડનો ઉપયોગ કરો

ભાડુ ચૂકવણી સાધન પર તમારું **PRESTO** કાર્ડ ટેપ કર્યા પછી (ઠોક્યા પછી), વધારાના ઉતારુઓ માટે તમે ચૂકવવા ઇચ્છતા હો તે બસ ઓપરેટરને જાણ કરો. ઓપરેટર વધારાના ઉતારુઓની કપાત કરશે અને ભાડાની કપાત કરવા તમને ઓપરેટરના **PRESTO** સાધન પર તમારું કાર્ડ ટેપ કરવાની વિનંતી કરશે.

**નોંધઃ** વધારાના ઉતારુઓ પાસેથી પુખ્ત ઉંમરની વ્યક્તિના ઇ-પર્સ ભાડાનો ખર્ચ વસૂલવામાં આવશે.

# તમારા કાર્ડની નોંધણી કરાવવાના લાભો

તમારું કાર્ડ નોંધાવીને, તમેઃ

**તમારી સિલક સંરક્ષિત કરી શકો છો જો તમારું કાર્ડ ગૂમ થાય કે ચોરાઇ જાય. તમે તમારું કાર્ડ બ્લોક (બંધ) કરાવી શકો છો અને સિલકને રિપ્લેસમેન્ટ (તબદીલ કરેલા) કાર્ડ પર તબદીલ કરાવી શકો છો.**

- ગૂમ થયેલા કાર્ડની જાણ **PRESTO** ને કરો અને તેને બ્લોક (બંધ) કરાવો. તમે કાર્ડ ગૂમ થયાનું જણાવ્યાના 24 કલાકની અંદર ખર્ચેલા મૂલ્ય માટે જવાબદાર રહેશો.
- તમારે રિપ્લેસમેન્ટ કાર્ડ અચૂક ખરીદવું અને કાર્ડ પર લઘુત્તમ $10 જમા કરાવવા.

- તમારા નવા કાર્ડની નોંધણી ન કરાવો. કાર્ડ બ્લોક કરાવીને તમારું નવું કાર્ડ મેળવ્યાના ચોવીસ કલાક પછી, ઓનલાઇન થાવ અથવા PRESTO કોલ સેન્ટરને 1-8-PRESTO-123 (1-877-378-6123) નંબર પર ફોન કરો જેથી તમારા જૂના કાર્ડમાંથી ભંડોળ નવા કાર્ડમાં તબદીલ થશે.

**તમારું કાર્ડ સ્વચાલિત રીતે પુનઃલોડ કરવા ઓટો-લોડ કે ઓટો-રિન્યુ પસંદ કરો.**

- ઓટો-લોડ તમારા PRESTO કાર્ડને તમારા બેંક એકાઉન્ટ કે ક્રેડિટ કાર્ડ મારફતે સ્વચાલિત રીતે પુનઃલોડ કરે છે, જ્યારે તમારા ઇ-પર્સની સિલક તમે પસંદ કરેલી ડોલર રકમ નીચે જાય.
- જોકે, આ ડોલર રકમ અચૂક $5 અને $60 વચ્ચે હોવી જોઇએ. લઘુત્તમ ઓટો-લોડ રકમ $20 છે, મહત્તમ $980 સુધી.

**નોંધઃ** PRESTO અગાઉથી સૂચના આપ્યા વગર, લઘુત્તમ અને મહત્તમ રકમો બદલી શકે છે. તમારી નવી સિલક તમારા કાર્ડ પર તાત્કાલિક જોવા મળશે

**આવક વેરાના હેતુસર ટ્રાન્ઝિટ વપરાશ રિપોર્ટ મેળવો.**

- માત્ર નોંધાયેલા કાર્ડ્સ ફેડરલ ટેક્સ ક્રેડિટ મેળવવાને પાત્ર રહે છે.
- તમારા PRESTO કાર્ડનો ઉપયોગ મહત્તમ 31 દિવસના સળંગ સમયગાળા દરમિયાન સિંગલ ટ્રાન્ઝિટ સિસ્ટમમાં ઓછામાં ઓછાં 32 એકતરફી પ્રવાસો માટે કરો. તમે કર સમયે કર હેતુસર PRESTO વેબસાઇટ પરથી વપરાશ વર્ણનનું પ્રિન્ટ કરી શકશો.

**તમારા લેવડદેવડના ઇતિહાસની સમીક્ષા કરો.**

- નોંધાયેલા કાર્ડ માટે ત્રણ મહિનાનો લેવડદેવડ ઇતિહાસ ઓનલાઇન ઉપલબ્ધ રહે છે. તેને જોવા તમારા એકાઉન્ટમાં લોગ-ઇન કરો.

**કટોકટી સમયે પ્રવાસ**

- પ્રવાસ પૂરો કરવા પૂરતા ભંડોળ વગર નોંધાયેલા કાર્ડધારકો માત્ર એકવાર ટેપ કરવા અને કાર્ડ ઇસ્યુના સમયથી બે કલાક માટે તબદીલી મેળવવાને પાત્ર હોય છે.
- કાર્ડમાં નકારાત્મક સિલક આવશે અને ફરી વાર તમે તમારું કાર્ડ લોડ કરો ત્યારે સ્વચાલિત રીતે પસાર થઇ જશે. પુનઃલોડ કરવાના સમયે નકારાત્મક ઇ-પર્સ પતાવટ $0.25 ની થાય છે.

**નોંધઃ** જો તમે પુખ્ત ઉંમરની વ્યક્તિ હો અને તમારા કાર્ડની નોંધણી ન કરાવી હોય, તો તમે કટોકટી સમયે પ્રવાસ કરવાને પાત્ર બનશો નહીં.

## ભાડાં ચૂકવણીનું સાધન

બાકી રહેલ સિલક

સિલકમાંથી બાદ કરાયેલ રકમ

ટ્રાન્સફર માટે બાકી રહેલ સમય

અહીં કાર્ડ ટેપ કરો




## સિલક તપાસનાર સાધન

લેવડદેવડનો ઇતિહાસ જોવા માટે કાર્ડને આ સાધન પર ધરી રાખો




## PRESTO નો સંપર્ક કરો

ફોન કરો: **1-8-PRESTO-123** (1-877-378-6123)

Web: **presto.ca**




BramptonTransit